"મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના" અંતર્ગત વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી આપવા બાબતે થયેલ જોગવાઇના ખર્ચને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્ર-પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા –૦૪.૦૭.૨૦૧૭

વંચાણે લીધાઃ-

૧. શિક્ષણ વિભાગના તા.૦૭.૧૦.૧૫, તા.૦૫.૦૪.૧૬, તા.૦૪.૦૬.૧૬ તથા તા.૨૬.૧૨.૧૬ ના ઠરાવ ક્રમાંક – પરચ-૧૦૨૦૧૪-યુઓઆર-૬-સ

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનો તા.૧૩.૦૪.૧૭ નો પત્ર ક્રમાંક – હ-૨-સ્કો-૨૦૧૬-૧૭-૩૭૦૦

આ મુ ખ-

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકીર્દિના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે વંચાણે લીધેલા ક્રમાંક – ૧ પરના ઠરાવથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

૨. કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા કોઇપણ વિદ્યાર્થી આર્થિક રીતે નબળો હોવાના કારણે અભ્યાસથી વંચિત રહેવો જોઇએ નહીં તેવા શુભ આશયથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવા માટે વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિ/યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ એજ્યુકેશન લોન યોજના બનાવી વિદ્યાર્થીઓને તેમણે મેળવેલ લોન પર Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી)ની મુદત સુધી ૧૦૦% વ્યાજ સબસિડીરૂપે આર્થિક સહાય કરે છે જેનાથી પ્રેરાઇને રાજ્ય સરકાર દ્વારા 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' ઉપરાંત તેનાથી વંચિત રહેલા દેશ અને વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પર ૧૦૦% વ્યાજ સબસિડી Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે મંજૂર કરવા સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ગુજરાત રાજ્યના જે વિદ્યાર્થીઓ દેશમાં તથા વિદેશમાં અભ્યાસ માટે લોન મેળવે છે કે જેના વાલીની આવક ₹.૬.૦૦ લાખથી ઓછી હોય

શ્રી પંચાલ
11-7-17

અને ધોરણ – ૧૨ માં ૬૦% કરતાં વધુ પર્સેન્ટાઇલ મેળવેલ હોય, તેવા દેશની તથા વિદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે લીધેલ વધુમાં વધુ ₹.૧૦.૦૦ લાખની લોન પર Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે વ્યાજ સબસિડીરૂપે સહાય કરવા માટે સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે ₹.૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પાંચ સો લાખ પુરા) ની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે અંગેનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીએ વંચાણે લીધેલા ક્રમાંક – ૨ ના પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ-</u>

પુખ્ત વિચારણાને અંતે, 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' ઉપરાંત તેનાથી વંચિત રહેલા વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પર ૧૦૦% વ્યાજ સબસિડી Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે મંજૂર કરવા અને તે ઉપરાંત, ગુજરાત રાજ્યના જે વિદ્યાર્થીઓ દેશમાં તથા વિદેશમાં અભ્યાસ માટે લોન મેળવે છે કે જેના વાલીની આવક ₹.૬.૦૦ લાખથી ઓછી હોય અને ધોરણ – ૧૨ માં ૬૦% કરતાં વધુ પર્સેન્ટાઇલ મેળવેલ હોય, તેવા દેશની અને વિદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે લીધેલ વધુમાં વધુ ₹.૧૦.૦૦ લાખની લોન પર Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે વ્યાજ સબસિડીરૂપે સહાય કરવા માટે સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે થયેલ જોગવાઇના ₹.૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પાંચ સો લાખ પુરા) નો ખર્ચ કરવાની નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શ ર તો-</u>

(૧) આ યોજના સિવાય અન્ય જે યોજનાઓનો લાભ હાલમાં અપાય છે તે યથાવત ચાલુ રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૭) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨.૧૧.૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક – એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો- વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૧૭ થી કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી નં.- ૦૯, મુખ્ય સદર - ૨૨૦૨ સામાન્ય શિક્ષણ, ૦૩- યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ, ૧૦૭ – શિષ્યવૃત્તિઓ, ૦૧ ઇડીએન - MYSY (૨૨૦૨-૦૩-૧૦૭-૦૧) હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧.૦૫.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દિપક પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,

- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્ર- પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ
સચિવાલય, ગાંધીનગર.
તા-૧૯.૦૨.૨૦૧૮

<u>વંચાણે લીધાઃ-</u>

૧. વિભાગનો તા.૦૪.૦૭.૨૦૧૭ નો સમાનાંકી ઠરાવ.

<u>પરિપત્ર-</u>

'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' ઉપરાંત તેનાથી વંચિત રહેલા વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પર ૧૦૦% વ્યાજ સબસિડી Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે મંજૂર કરવા અને તે ઉપરાંત, ગુજરાત રાજ્યના જે વિદ્યાર્થીઓ દેશમાં તથા વિદેશમાં અભ્યાસ માટે લોન મેળવે છે કે જેના વાલીની આવક ₹.૬.૦૦ લાખથી ઓછી હોય અને ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અથવા માન્ય કેન્દ્રિય બોર્ડની ધોરણ - ૧૨ ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૬૦% કરતાં વધુ પર્સેન્ટાઇલ મેળવેલ હોય, તેવા દેશની અને વિદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે લીધેલ વધુમાં વધુ ₹.૧૦.૦૦ લાખની લોન પર Moratarium Period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે વ્યાજ સબસિડીરૂપે સહાય કરવા માટે સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે થયેલ જોગવાઇના ₹.૫૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા પાંચ સો લાખ પુરા) નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી ઉપર વંચાણે લીધેલા ક્રમાંક - ૧ પરના ઠરાવથી આપવામાં આવી હતી. આ યોજનાના અમલીકરણ માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે જેનું એમ.વાય.એસ.વાય. યોજના સંભાળતા દરેક ખાતાના વડાએ તથા શિક્ષણને સંબંધિત તમામ સરકારી કચેરીઓએ પાલન કરવાનું રહેશે.

૧. આ યોજનાનો લાભ તા.૦૪.૦૭.૨૦૧૭ કે ત્યારબાદ જે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક લોન લીધેલ હોય અને નિયત ધોરણ સંતોષતા હોય તેમને જ મળવાપાત્ર થશે.

૨. વિદ્યાર્થીઓ દ્વારા જે એકેડેમિક વર્ષમાં લોન લેવામાં આવી હોય તે એકેડેમિક વર્ષની ૩૧ મી જાન્યુઆરી સુધીમાં અરજીપત્રક અને માંગ્યા મુજબના જરૂરી દસ્તાવેજો શિડયુલ બેંકમાં જમા કરવાના રહેશે. ત્યારબાદ શિડયુલ બેંક દ્વારા અરજીપત્રક જરૂરી એન્ડોર્સમેન્ટ કરી અને બેંક લોન તથા વ્યાજની વિગતો ભરીને નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી), અમદાવાદ કચેરીએ મોકલવાનું રહેશે. ચાલુ વર્ષ માટે જો કોઇ માંગણી હોય તો ઉક્ત સમયમર્યાદા તા.૧૫.૦૩.૨૦૧૮ સુધી ગણવાની રહેશે.

3. કે.સી.જી. કચેરી ખાતે આવેલ અરજીઓ MYSY યોજના અંતર્ગત અરજી મંજુર કરવાની કામગીરી કરતા સંબંધિત ખાતાને મોકલવામાં આવશે, સંબંધિત ખાતાના

વડાની કચેરી દ્વારા મળેલ અરજીઓની ચકાસણી કાર્ય બાદ અરજી મંજુર/નામંજૂર કરી કેસીજી કચેરીને પરત મોકલવાની રહેશે.

૪. સંબંધિત ખાતાના વડાની કચેરી દ્વારા મંજુર કરેલ અરજીઓની સહાયની રકમ વિદ્યાર્થીના લોન ખાતામાં જમા કરવામાં આવશે.

૫. અરજદાર વિદ્યાર્થીના ધોરણ-૧૨ ની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઇલ હોવા જોઈએ.

૬. અરજદાર વિદ્યાર્થીની કૌટુંબિક વાર્ષિક આવક (તમામ સ્ત્રોતોમાંથી) રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ.

૭. ગુજરાત રાજ્યના માન્ય બોર્ડ અથવા માન્ય કેન્દ્રીય બોર્ડની ધોરણ-૧૨ની પરીક્ષા પસાર કરીને દેશ અને વિદેશની માન્ય યુનિવર્સિટીની કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધેલ હોવો જોઈએ.

૮. સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અથવા તો તૃતીય વર્ષ એમ કોઇપણ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જેણે એજ્યુકેશન લોન લીધેલ હશે તે યોજનાનો લાભ લઇ શકશે.

૯. અભ્યાસક્રમમાં પ્રવેશ લીધા પછી અભ્યાસ અર્થે ભારત સરકારની યોજનાની જેમ શિડયુલ બેન્કમાંથી એજ્યુકેશન લોન લીધેલ હશે તેને જ આ યોજના માટે યોગ્ય ગણવામાં આવશે.

૧૦. આ યોજના હેઠળ વિદ્યાર્થીએ અભ્યાસ માટે લીધેલી રૂ.૧૦ લાખ સુધીની લોન પરનું RBIની ગાઇડલાઇન મુજબનું વ્યાજ બેંક મારફતે જે તે વિદ્યાર્થીના લોન ખાતામાં મજરે આપવામાં આવશે. બેંકો દ્વારા ચક્રવૃદ્ધિ વ્યાજ કે કોઈ પણ છુટા ચાર્જ કે અન્ય ફી લેવામાં આવી હશે તો તે બેંકોને ચુકવવામાં આવશે નહિ. લાભ મળ્યા પહેલા જો વિદ્યાર્થી દ્વારા કે માતા/પિતા દ્વારા વ્યાજ ભરેલ હશે તો માત્ર તેઓ દ્વારા ભરેલ વ્યાજની મર્યાદામાં વ્યાજ સબસીડીની ચુકવણી કરવામાં આવશે.

૧૧. આ યોજનામાં લોન આપવાની કોઈ વ્યવસ્થા નથી, તેથી લોનની માંગણી કરવી નહીં.

૧૨. જો વિદ્યાર્થી વિદેશમાં અભ્યાસ કરતો હોય તો વિદ્યાર્થીએ આ યોજના માટે અરજી કરતી વખતે તેના વતી વિવિધ દસ્તાવેજોમાં સહી કરવામાં તેના માતા/પિતા પૈકી જેને ઓથોરીટી આપી હોય તેની પાવર ઓફ એટર્ની, આ અરજી મંજૂર/નામંજૂર કરવા અંગેની આગળની કાર્યવાહી માટે માન્ય ગણવામાં આવશે અને વિદ્યાર્થી વતી માતા અથવા પિતા જ સહી કરી શકશે અન્ય કોઇને ઓથોરીટી આપી હશે તો માન્ય ગણવામાં આવશે નહી.

૧૩. અરજદારને દસ્તાવેજોની ચકાસણી માટે જ્યારે પણ રૂબરૂ બોલાવામાં આવે ત્યારે અરજદારે કે તેના પ્રતિનિધિએ જરૂરી દસ્તાવેજો(ઓરીજનલ & ઝેરોક્ષ કોપી) સાથે ઉપસ્થિત રહેવુ આવશ્યક છે.

૧૪. કુટુંબની કુલ આવકના પ્રમાણપત્રમાં મામલતદાર/ટી.ડી.ઓ.નું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવેશે. આ ઉપરાંત, વિદ્યાર્થીએ તેના વાલી ઇનકમટેક્ષ રીટર્ન ભરતા હોય તો ઇનકમટેક્ષ રીટર્નની નકલ અથવા ઇનકમટેક્ષને પાત્ર આવક ન હોવાનું સેલ્ફ ડિક્લેરેશન રજુ કરવાનુ રહેશે.

૧૫. મોરેટોરીયમ પીરીયડ અનુસાર વ્યાજ માફી અભ્યાસક્રમ પુરો થયા પછી વધુ એક વર્ષ સુધી ચાલુ રહેશે.

૧૬. વિદ્યાર્થી જો નાપાસ થાય અને/અથવા અભ્યાસ છોડી દેશે, અથવા બેંક જાતે જ જો કોઇ કારણસર તેની લોન રદ કરે તો વ્યાજ સબસીડી આપોઆપ બંધ થશે.

૧૭. કોઇ સંજોગોમાં લોન ભરપાઇ થઈ જશે તો પણ આપોઆપ વ્યાજ સબસીડી બંધ થઈ જશે.

૧૮. અરજદારે કેસીજીની વેબસાઇટ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. આ યોજનાને લગતી જરૂરી વિગતો કેસીજીની વેબસાઇટ http://www.kcg. gujarat.gov.in ઉપલબ્ધ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દિપક પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અગ્રસચિવશ્રી(ઉચ્ચ અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, આયુર્વેદિક અને હોમિયોપેથીની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર
- કુલપતિશ્રી તમામ યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય
- આચાર્યશ્રી, તમામ કોલેજો(સંબંધિત ખાતાના વડાની કચેરી મારફત)
- નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત (કે.સી.જી.),અમદાવાદ
- નોડલ ઓફિસર, તમામ બેન્ક, ગુજરાત રાજ્ય (કે.સી.જી. કચેરી, અમદાવાદ મારફત)
- સિલેકટ ફાઇલ.

ረ-161

નિયામકશ્રી,
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં:-૧૨/૨,
જીવરાજ મેહતા ભવન,
ગાંધીનગર.
તા.૧૬/૦૪/૨૦૧૮

**વંચાણે લીધા:-** શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ. તા.૦૪/૦૭/૨૦૧૭.

<u>પરિપત્ર:</u>

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે દેશ તેમજ વિદેશમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૭-૧૮થી એજ્યુકેશન લોન ઉપર વ્યાજ સહાય યોજના અમલમાં મુકેલ છે. જેના સંદર્ભમાં માન.અગ્રસચિવશ્રી(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના નોંધ પરના આદેશાનુસાર નીચેની સુચનાઓ પરિપત્ર કરવામાં આવે છે, જેનું પાલન સંબંધિત ખાતાની કચેરીઓએ કરવાનું રહેશે.

૧. વર્ષ-૨૦૧૧ પહેલા ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓ કે જેઓની ધોરણ-૧૨ની માર્કશીટમાં પર્સેન્ટાઈલ દર્શાવેલ ન હોય તો તેઓએ ધોરણ-૧૨માં ૬૦% કે તેથી વધુ પર્સન્ટેજ મેળવેલ હોય તો તેઓને ઉક્ત યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૨. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલ હોય અને ત્યારબાદ સ્નાતક કે અનુસ્નાતક અભ્યસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ પાસે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કર્યાનું પરિણામ ન હોવાથી તેવા વિધાર્થીઓના ડીપ્લોમા અભ્યાસક્રમનું પરિણામ ૬૦% કે તેથી વધુ હોય તો તેઓને ઉક્ત યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

૩. ધોરણ-૧૨ સાયન્સની માર્કશીટમાં થીયરી, પ્રેક્ટીકલ અને ઓવરઓલ એમ ત્રણ રીતે પર્સેન્ટાઈલ દર્શાવવામાં આવેલા હોય છે. આવા વિધાર્થીઓએ ત્રણમાંથી કોઈપણ એક પરિણામ કે જેમાં ૬૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ હોય તો તેઓ તે પરિણામના આધારે અરજી કરી શકશે.

૪. CBSEની માર્કશીટમાં પર્સેન્ટાઈલ દર્શાવેલ હોતા નથી, તો આવા વિદ્યાર્થીઓ માટે તેઓએ મેળવેલ PCM/PCB માર્ક્સના આધારે MYSY યોજનાની જેમ જ પર્સેન્ટાઈલની ગણતરી કરવાની રહેશે.

૫. જે વિધાર્થીઓની એજ્યુકેશન લોન તા:-૦૪/૦૭/૨૦૧૭ પહેલા મંજુર થયેલ હોય પરંતુ લોનનો ઉપાડ તા:૦૪/૦૭/૨૦૧૭ બાદ કરેલ હોય તો આવા વિધાર્થીઓને યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

નિયામકશ્રી,
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
ગાંધીનગર.

પ્રતિ,

- નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર.
- નિયામકશ્રી, ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આયુર્વેદિક અને હોમિયોપેથિકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- કુલપતિશ્રી, તમામ યુનિવર્સીટીઓ, ગુજરાત રાજ્ય.
- આચાર્યશ્રી, તમામ કોલેજો(સંબંધિત ખાતાના વડાની કચેરી મારફત)
- નોડલ ઓફિસર, તમામ બેંકો, ગુજરાત રાજ્ય.
- સિલેક્ટ ફાઈલ